# એકલવ્ય

(અદ્રશ્ય અવાજ) એક હતો ભીલકુમાર. એનું નામ એકલવ્ય.

ધનુષવિદ્યાનો એને ભારે શોખ. એને જાણ થઇ કે દ્રોણાચાર્ય નામના મુનિ કૌરવ-પાંડવોને ધનુષવિદ્યા શીખવાની ઇચ્છાથી એકલવ્ય દ્રોણાચાર્ય પાસે આવ્યો.

**એકલવ્ય :** (દ્રોણાચાર્યના ચરણોમાં પડી પ્રણામ કરે છે.) ગુરુદેવ ! હું ભીલકુમાર છુ. મારું નામ એકલવ્ય. કૃપા કરી મને વિદ્યા શીખવો.

**દ્રોણાચાર્ય :** રાજકુમાર સિવાય હું કોઇને ધનુષવિદ્યા શીખવતો નથી. તું પાછો જા.

(નિરાશ થઇને એકલવ્ય પાછો ફરે છે. થોડો વિચાર કર્યા બાદ જાતે ભણવા તે તૈયાર થયો. એક ઝાડ નીચે તેણે ગુરુની મૂર્તિ બનાવી. મૂર્તિને ગુરુજી માની વિદ્યા શીખવા લાગ્યો.)

**એકલવ્ય :** ગુરુજી ! તમે મારા ગુરુ છો ને હું તમારો શિષ્ય છું. મને વિદ્યા આપજો.

( ધનુષવિદ્યા શીખતા એકલવ્ય પાસે એક કુતરો આવે છે. અને જોર જોરથી ભસે છે. એકલવ્યને વિદ્યા શીખવવામાં ખલેલ પડે છે.)

**એકલવ્ય :** ઊભો રહે તું ! હમણાં જ તને મારાં બાણોનો સ્વાદ ચખાડું છું.

( એકલવ્ય કુતરાના મોંમાં એવી રીતે બાણો મારે છે કે કૂતરાને ઇજા પણ ન થાય અને તેનું મોં બાણોથી ભરાઇ જાય. એટલામાં દ્રોણાચાર્ય કૌરવ-પાંડવો સાથે આવે છે. અને આ જુએ છે.)

**અર્જુન** (એક છોકરો) : ગુરુદેવ ! આપ તો કહેતા હતા કે જગતમાં મારાથી ચડિયાતો બાણાવળી કાઇ નથી ?

**દ્રોણાચાર્ય :** અર્જુન ! તું મારો વહાલો છે. જગતનો શ્રેષ્ઠ બાણાવળી તો તું જ રહેશે ઉપાય વિચારું છું.

(દ્રોણાચાર્ય એકલવ્ય પાસે આવે છે.)

**દ્રોણાચાર્ય :** અરે, કોણ છે તું ! કોની પાસે તું ધનુષવિદ્યા શીખે છે ? તું આટલો બધો પારંગત કેવી રીતે થઇ ગયો ?

**એકલવ્ય :** ગુરુદેવ ! તમે મને ના ઓળખ્યો ? હું એકલવ્ય. યાદ કરો ગુરુદેવ, એક વખત હું આપની પાસે વિદ્યા શીખવા આવેલો પણ આપે ના પાડેલી. એટલે અહીં આવી આપની મૂર્તિ બનાવી જાતે ધનુષવિદ્યા શીખું છું. વિદ્યા શીખવો છો તો આપ જ.

**દ્રોણાચાર્ય :** હા, હવે બધું યાદ આવ્યું એકલવ્ય, વત્સ ! પણ તો તું મારો શિષ્ય થયો ને અને હું તારો ગુરુ ગણાઉં.

**એકલવ્ય :** જી, ગુરુદેવ ! આપની કૃપાથી જ હું વિદ્યા પામ્યો છું તેનું મને ગૌરવ છે.

**દ્રોણાચાર્ય :** જો તું મને તારો ગુરુ માનતો હોય તો તું મને ગુરુદક્ષિણા આપ. એ આપે એટલે તારી વિદ્યા પૂર્ણ થાય.

**એકલવ્ય :** આજ્ઞા કરો ગુરુદેવ, આપ જે કહો તે આપવા તૈયાર છું.

**દ્રોણાચાર્ય :** તો વત્સ, તું તારા જમણા હાથનો અંગૂઠો ગુરુદક્ષિણા રૂપે આપ.

(જરા પણ ખચકાટ વગર અંગૂઠો કાપી નાખતા)

**એકલવ્ય :** લો ગુરુદેવ !

**દ્રોણાચાર્ય :** તારા આ મહાન ત્યાગનો યશ હંમેશા અમર રહશે.

( અંતે એકલવ્ય ડાબા હાથ વડે ધનુષવિદ્યાનો અભ્યાસ ચાલુ રાખે છે.)